# સેન્ટ્રલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં પીએચડીની તૈયારી કરતા યુવકનો આપઘાત

## હરીયાણાનો યુવક ત્રણ માસથી પરિક્ષાની તૈયારી કરી રહ્યો હતો

ગાંધીનગર, તા.૨૫

શહેરની સેકટર-૩૦ સ્થિત સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પીએચડી કરવા માટે હરીયાણાથી આવેલ યુવાને પંખા સાથે ચાદર બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી છે.

જયારે સેન્ટ્રલ યુનિવર્સિટીના કેમ્પસમાં સન્નાટો વ્યાપી ગયો હતો. સેકટર-૨૧ પોલીસ ઘટના સ્થળે આવી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરની સેકટર-૩૦ સેન્ટ્રલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં મિત્રો સાથે રહીને પીએચડીની તૈયારી સચિન રણદીપસિંહ ચૌહાણ કરી રહ્યો હતો. ત્યારે હરીયાણાના યુવાને એકલતાનો લાભ લઈ અચાનક ચાદર વડે ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ હતી.

પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ તેજ કરી હતી. છાજુનગર પાલવાવ હરીયાણા મુકામે રહેતા સચિન રણદિપસિંહ ચૌહાણ છેલ્લા ત્રણ માસથી ગાંધીનગરની સેકટર-૩૦ સ્થિત સેન્ટ્રલ યુનિવર્સિટીમાં હોસ્ટેલ રૂમ નં. ૩૧-૨ ચ ટાઈપ ખાતે તેના મિત્રો સાથે રહેતો હતો.

સચિનને પીએચડીનું એડમિશન લેવાનું હતું. જેથી છેલ્લા ત્રણ માસથી તે તૈયારી કરી રહ્યો હતો.

અને તેના મિત્રો સાથે હોસ્ટેલમાં રહેતો હતો. આજે બપોરના પહેલાના કોઈપણ સમયે સચિને એકલતાનો લાભ લઈને ચાદર વડે ગળાફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. બનાવની જાણ થતા યુનિવર્સિટી ની તેમજ મિત્રો માં શોકનુ મોજુ ફરી વળ્યુ હતુ.

સેકટર-૨૧ પોલીસના સુત્રો દ્વારા મળતી વિગત મુજબ તેઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મૃતકના મૃતદેહને પીએમ અર્થે લઈ જવાયો હતો. જયારે મૃતક યુવકના પરિવારને પણ જાણ કરી દેવામાં આવી છે. જયારે છેલ્લા ત્રણ માસથી તે મિત્રો સાથે રહેતો હતો અને તેને પીએચડીનું એડમીશન લેવાનું હતું. જયારે હાલ માં આપઘાતનું સાચુ કારણ જાણી શકાયું નથી.

# ચંદ્રાલા પાસેથી સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

માધવગઢની સીમમાં ચંદ્રાલા જતા રોડ ઉપરથી સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાંથી પોલીસને વિદેશી દારૂની બોટલ નંગ-૭૮ તેમજ બિયરના ટીન નંગ-૪૮ મળી આવ્યા હતા. ચિલોડા પોલીસે દારુ,ગાડી અને મોબાઈલ સહિત રૂ.૩.૧૪ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસના જવાનો ચંદ્રાલા આગમન હોટલ પાસે નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે સ્વીફ્ટ ડીઝાયર ગાડી નં. જી.જે.૧૮.બી.જી.-૦૮૪૯ માં વિદેશી દારૂની પેટીઓ ભરીને હિંમતનગર તરફથી આવી રહી છે. જેથી પોલીસે વોચ ગોઠવી હતી અને ગાડીની રાહ જોઈ રહી હતી. તે દરમિયાન ગાડી આવતા તેને રોકવા માટે ઈશારો કરતા ગાડી ચાલકે ગાડી દોડાવી દીધી હતી.

જેથી પોલીસે દારૂ ભરેલી ગાડીનો પીછો કરી માધવગઢની સીમમાં ચંદ્રાલા તરફ જતા માર્ગ પર ગાડીને રોકી પાડી હતી. જયારે ગાડીના ચાલક પ્રવિણ વેરશીભાઈ ઓડ (ઉં.૩૬ રહે.તળાવની બાજુમાં નવા માથાસુર તા ઈડર) નો પકડી પાડયો હતો.

જયારે ગાડીમાં તપાસ કરતા વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની -૭૮ બોટલ તેમજ બિયરના ટીન નંગ-૪૮ મળી કુલ રૂ.૬૨,૭૦૦, મોબાઈલ ફોન કિ.૨૦૦૦ સ્વીફ્ટ ગાડી કિં.૨.૫૦ લાખ મળી કુલ રૂ.૩,૧૪,૭૦૦ નો મુદ્દામાલ સાથે એક શખ્સને પકડી પાડી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ડ્રાઈવરે આ પકડાયેલ મુદ્દામાલ પ્રાંતિયા ગામે ભૌમિક ઉર્ફે ચિન્ટુ નરેન્દ્ર પટેલ ને આપવાનો હોવાનું જણાવ્યું હતું.

# ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ઠંડી વધતાં ચાની લારીઓ પર ઘરાકી વધી.
- ગાંધીનગર શહેરમાં શનિ-રવિ દરમ્યાન લગ્નો વધારે હોઈ શહેરમાં મુલાકાતીઓની સંખ્યા વધી જવા પામી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- દહેગામમાં ભાજપ-કોંગ્રેસમાં પોષ્ટર વૉર શરૂ થતાં રાજકીય માહોલ ગરમાયેલો જોવા મળી રહ્યો છે.
- કલોલ સ્થિત મુક્ત જીવન સ્વામીબાપા ફોરેસ્ટ પાર્કમાં પ્રકૃતિ શિબિરનું આયોજન કરાયુ હતુ.
- કલોલ તાલુકાના પાનસર ખાતે અતિરૂદ્ર મહાયજ્ઞનું આયોજન કરાયુ હતુ.
- ઘ - ૪ પાસે બનાવવામાં આવેલ અન્ડરપાસ નજીક ગતિ નિયંત્રણ માટે નવા બમ્પ બનાવાયા છે.
- ગાંધીનગર જિલ્લામાં હાલ ચૂંટણીના કાર્યાલયો શરૂ કરવાની મોસમ જામી છે.
- ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે જ્યારે શહેરમાં નિરુત્સાહ જોવા મળી રહ્યો છે.
- આજે શહેરમાં ઈન્દ્રોડા ખાતે ભાજપની તો પેથાપુર ખાતે કોંગ્રેસની જાહેરસભાઓ સાંજે યોજાઈ હતી.
- જિલ્લામાં આજે પણ વાદળછાયુ વાતાવરણ છવાયેલુ રહેતાં રાયડાની ખેતીમાં જીવાતોનો ઉપદ્રવ થવાનો ભય ઉભો થયો છે.

# પેથાપુર-રાંધેજા માર્ગ પર ઈકોની ટક્કરે સાયકલ પર જતા બે ને ઈજા

ગાંધીનગર, તા.૨૫

પેથાપુર-રાંધેજા રોડ પર રાત્રીના સાડા સાત વાગે સીગ્મા ફેકટરીથી પેથાપુર ચોકડી તરફના માર્ગ પર ગાડીના શોરૂમ આગળ સાયકલ લઈને પસાર થઈ રહેલા કાકા-ભત્રીજાને અજાણી કારના ચાલકે ટકકર મારી હતી. કાકા-ભત્રીજાને મોંઢાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચી છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પંકજ કિશન ગરાસીયા પરિવાર સાથે રહે છે અને રાંધેજા પાસે સીગ્મા ફેકટરીમાં કામ કરી પરિવારનું જીવન ગુજરાન ચલાવે છે. જયારે રાત્રીના સાડા સાત વાગે ફરીયાદી તેમજ તેના કાકા મુકેશ ગરાસીયા (રહે સીગ્મા ફેકટરી) સાંજના સમયે શાકભાજી લેવા માટે સાયકલ લઈને નીકળ્યા હતા. સાયકલ મારા કાકા મુકેશભાઈ ગરાસીયા ચલાવતા હતા.

જયારે ફરીયાદી પાછલ બેઠો હતો. ફેકટરી થી નીકળી પેથાપુર જતા ગાડીઓના શો-રૂમથી આગળ પહોંચતા ઈકો ગાડી નં.જી.જે.૧૮.બી.ઈ.૩૨૮૬ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સાયકલને ટક્કર મારતા બંને વ્યકિત રોડ પર ફેંકાયા હતા. જયારે ઈકો ચાલકે ગાડી સાઈડમાં ઉભી રાખી હતી તે સમયે નાગરીકોનું ટોળુ એકઠુ થઈ ગયું હતું. બંને જણા પૈકી ફરીયાદીને મોંઢાના ભાગે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી.જયારે ઈજાગ્રસ્તને ૧૦૮માં સારવાર માટે સિવિલ ખસેડાયા હતા.

# ભાજપ કાર્યાલય ખાતે સેલ્ફી પોઈન્ટ




સેકટર-૧૬ સ્થિત ભાજપ મધ્યસ્થ કાર્યાલય ખાતે સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. ત્યારે શહેરના નાગરીકો તેમજ કાર્યકરો મોટીસંખ્યામાં સેલ્ફી લેતા નજરે પડે છે. સેલ્ફી પોઈન્ટ પણ નગરજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

# દશેલામાં ભાજપની લોક સંપર્ક સભામાં ગામવાડા નિયમિત કરવા રજૂઆત



ગાંધીનગર, તા.૨૫

આજે દશેલા ગામમાં ગાંધીનગર દક્ષિણના ઉમેદવાર અલ્પેશ ઠાકોર આવ્યા હતા. જે અંતર્ગત યોજાયેલી સભામાં કોદરભાઈ પટેલે ગામતળના વાડા નિયમબદ્ધ કરવા અંગે ઉગ્ર રજૂઆત કરી હતી.

# પીડીપીયુના માલવ પાઠકને ‘‘મેરીટ મેડલ’’ એનાયત

ગાંધીનગર, તા.૨૫

રાયસણ ખાતે પંડિત દીનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સિટીનો ૧૦મો કોનવોકેશન કાર્યક્રમ ગત તા.૨૨ નવેમ્બર ૨૦૨૨ ના રોજ યોજાયો હતો. ગાંધીનગર પીડીપીયુ ખાતે આયોજીત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નટરાજન ચંદ્રશેખર(ચેરમેન અને એમડી-ટાટા સન્સ) ઉપસ્થિત રહ્યા હતા.પીડીપીયુમાં અભ્યાસ કરતા માલવ રાકેશ પાઠકને માસ્ટર ઓફ ટેકનોલોજી (મિકેનિકલ એન્જીનિયરીંગ-ડીઝાઈન) માં મેરીટ મેડલ એનાયત થયો હતો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ નટરાજન ચંદ્રશેખરના હસ્તે માલવ ઠાકરને મેડલ પ્રાપ્ત થયો હતો.આ પ્રસંગે રીલાયન્સ ઈન્ડરસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી દ્વારા ઓનલાઈન શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો. જયારે પીડીપીયુના વાઈસ ચેરમેન હસમુખ અઢીયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોઈમ્બતુર ખાતે મોટર સ્પોર્ટસ ની ફોર્મ્યુલા ભારત-૨૦૧૯ની સ્પર્ધામાં માલવ ઠાકરે જીટીયુની ટીમમાં ભાગ લઈ દેશભરની ૭૪ રેસ કાર અને ૧૬ ઈલેક્ટ્રીક કારને મહાત કરી ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીની ટીમને પ્રથમ ઈનામ જીતી મેદાન માર્યુ હતું. જેમાં માલવ પાઠકે મહત્વનો રોલ ભજવી બેસ્ટ ફયુઅલ એવોર્ડ , ફર્સ્ટ ઈન એન્ડયુરન્સ રેસ અને બેસ્ટ ઓવર ઓલ ડાયનામિક એવોર્ડ જીત્યા હતા.

## આજે રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા સંવિધાન દિન નિમિત્તે ઓનલાઈન વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા ૨૬ નવેમ્બરના રોજ ‘‘રાષ્ટ્રીય સંવિધાન દિન’’ની ઉજવણીનું આયોજન કર્યુ છે. જે નિમિત્તે ‘‘Relevance of indian Constitution as on today’’ વિષય પર ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાન પુનો યુનિવર્સિટીના પોલિટિકલ સાયન્સ વિભાગના જાણીતા નિવૃત્ત પ્રોફેસર અને નિર્દેશક ડૉ. શરદ ખરે દ્વારા આપવામાં આવશે. આ વ્યાખ્યાનનો લાભ લેવા સાંજે ૫.૩૦ થી લિંક ‘‘https://google.com/dst-eawr-uzw’’થી ઓનલાઈન જોડાય અને લઈ શકે છે.

ઉપરોક્ત સેવાનો લાભ લેવા માટે ક્લબના પ્રમુખ ડૉ. જગદીશ પટેલ અને સેક્રેટરી ડૉ. પારસ ઉચાટ દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ હતુ.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## Format C-7

(For political parties to publish in the newspapers, social media platforms & website of the party)

Information regarding individuals with pending cases, who have been selected as candidate, along with the reasons for such selection, as also as to why other individuals without criminal antecedents could not be selected as candidates.

(As per the commissions direction issued in pursuance of the order dated 13.02.2020 of the Hon'ble Supreme Court in contempt petition (C) no.2192 of 2018 in WP(C)no.536 of 2011)

Name of the Political Party : AAM AADMI PARTY
Name of the Election : GUJARAT LEGISLATIVE ASSEMBLY
Name of the State / UT : GUJARAT

(1) Name of the constiuency : 33 - PRANTIJ

Name of the Candidate : ALPESHKUMAR NARESHBHAI PATEL

| Sl.no. | | | |
|---|---|---|---|
| 1 | | Criminal antecedents : | |
| | a) | Nature of Offences | NEGOTIABLE INSTRUMENTS ACT |
| | b) | Case No | 236/2020 |
| | c) | Name of the Court | PRINCIPAL SENIOR CIVIL COURT HIMMATNAGAR |
| | d) | Whether charges have been framed or not : Yes / No | YES |
| | e) | Date of conviction (If any) : | NOT APPLICABLE |
| | f) | Details of punishment undergone (if any) | NOT APPLICABLE |
| | g) | Any other information required to be given | EVIDENCE OF PROSECUTION |

